# ગાંધીનગરની પુત્રવધુ પારુલ કશ્યપ મોદીને 'ભારત આઈકોન-૨૦૨૦' એવોર્ડ

**મોડેલિંગ તથા જાહેરાત ક્ષેત્રે કાર્યરત પારૂલ કશ્યપ મોદીની મોડેલિંગ માટે શ્રેષ્ઠ મોડેલ કેટેગરીમાં પસંદગી : પારૂલ મોદી જાણીતી અભિનેત્રી અવની મોદીની સગી ભાભી થાય છે**





ગાંધીનગર તા.૭

વિશ્વ મહિલા દિવસ પૂર્વે ગાંધીનગરની જાણીતી અભિનેત્રી અવની મોદીની સગી ભાભી તથા માહિતી ખાતાના નિવૃત્ત કર્મચારી વિનોદભાઈ મોદીની પુત્રવધુ પારૂલ કશ્યપ મોદીને મોડેલિંગ ક્ષેત્રે 'ભારત આઈકોન એવોર્ડ - ૨૦૨૦' એનાયત કરવામાં આવ્યો છે. મુંબઈના રોયલ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા પાંચમો ભારત આઈકોનએવોર્ડ ૨૦૨૦ ઈસ્કોન ઓડિટોરિયમ જુહુ મુંબઈ ખાતે ૬ માર્ચ ૨૦૨૦ના રોજ યોજાયો હતો જેમાં રાષ્ટ્રીય કક્ષાએ મોડલિંગ, એકટિંગ, ફેશન, ડાન્સ, જેવી વિવિધ કેટેગરીમાં આપતા આ એવોર્ડમાં વર્ષ ૨૦૨૦ માટેનો બેસ્ટ મોડેલ એવોર્ડ ગાંધીનગરની ગુજરાતી મોદી પરિવારની પુત્રવધુ પારુલ કશ્યપ મોદીને આ એવોર્ડ દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડીયો મુંબઈના ડિરેક્ટર નીરજ અગ્રવાલ અને સોશિયલ વર્કર આમલા રુજાજીના હસ્તે એનાયત કરાયો છે.

વિશ્વ મહિલા દિવસની પૂર્વે ગાંધીનગરની મહિલો માટે ગૌરવની ઘટના છે. જેમાં પારુલ કશ્યપ મોદીને શ્રેષ્ઠ મોડેલ કેટેગરીમાં 'ભારત આઈકોન ૨૦૨૦'નો એવોર્ડ મુંબઈ ખાતે અપાયો છે. પારુલ મોદી એ વિવિધ પ્રોડકટની ટીવી એડઝ, પ્રિન્ટ એડઝ, કેટલોગ શૂટ તેમજ કોન્સેપટ બેજ મોડલિંગ, બ્યૂટી કોન્ટેસ્ટ, રેમ્પ વોક અને બ્રાઈડલ મોડેલિંગ માં વિશિષ્ટ કામગીરી કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૬ માં નવી દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ બ્યૂટી એક્સપોમાં પણ પારુલ કશ્યપ મોદીએ સેકન્ડ રનર અપનું સ્થાન મેળવી પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા હતા. પારૂલ કશ્યપ મોદીના પતિ ઈશાન મોદી રોડ કોન્ટ્રાક્ટરનો વ્યવસાય કરે છે. પારૂલ કશ્યપ મોદી ગાંધીનગરની જાણીતી ફેશન ટેક્નોલોજી સંસ્થા નિફ્ટ ખાતે પણ વિઝિટિંગ ફેકલ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે.

આ પ્રસંગે રોયલ હેરીટેઝના ફાઉન્ડર અખિલ બંસલ ઉપરાંત બોલિવૂડ સિંગર સુદેશ ભોંસલે,ફેશન ડિઝાઈનર રોહિત વર્મા, ફિલ્મ મેકર મનસુર સુવાગી, તાનાજી ફિલ્મ બાળ કલાકાર આરુષ નંદ, ટીવી એકટ્રેસ હિના ખાન તેમજ ગ્લેમર અને ઉધોગ જગતના પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા.

# પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડમાં સુવિધાઓનો અભાવ

**શૌચાલયના અભાવે મહિલાઓની હાલત કફોડી : પીવાના પાણી માટે સુવિધા જ ન હોઈ મુસાફરો ત્રાહિમામ : બસ સ્ટેન્ડમા રાત્રે ચોકીદાર નથી દિવસે પોલીસ નથી : સુરક્ષાના નામે મીંડુ**

પાલનપુર, તા. ૮

સરહદી બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના એસ.ટી.બસસ્ટેન્ડમાં મહિલા મુસાફર સાથે ઘટેલી શરમ જનક ઘટનાની શાહી સૂકાઈ નથી. ત્યારે જિલ્લા મુખ્યાલય પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડમાં પીવાના પાણી, શૌચાલય અને સુરક્ષા સહીતની સુવિધાઓના અભાવે મહિલાઓ સહિતના મુસાફરોની હાલત કફોડી બની છે.

ડીસા એસ.ટી. બસ સ્ટેન્ડમા રક્ષક જ ભક્ષક બન્યો અને હોમગાર્ડ જવાને મહિલા પર દુષ્કર્મ આચર્યું ત્યારે એસટી બસ સ્ટેન્ડ પર મહિલાઓ સહિતના મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઉભા થયા છે. બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરના એસ.ટી.બસ સ્ટેન્ડમાં મુસાફરોની હાલત દયનીય બની છે. રોજના હજારો મુસાફરોની આવન-



જાવન વાળા આ એસટી બસ સ્ટેન્ડમાં મુસાફરો અસલામતી અનુભવી રહ્યા છે.

હજારો મુસાફરોની અવરજવર છતાં પોલીસ પોઈન્ટના નામે મીંડુ છે. ત્યારે રાત્રિ મુસાફરી કરતા મુસાફરો અને મહિલાઓની સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે. બસ સ્ટેન્ડમાં સુરક્ષા જ નથી. પાલનપુર બસ સ્ટેન્ડ માં રાત્રે નાઈટ ડ્યુટી ચોકીદાર અથવા નાઈટ ડ્યુટી પોલીસની ફરજિયાત જરૂરિયાત છે. પરંતુ એસટી સત્તાધીશોના અણઘડ વહીવટને લીધે પાલનપુર એસટી બસ સ્ટેન્ડમાં મુસાફરોની સુરક્ષા જોખમમાં હોવાની રાવ ઉઠી છે. હજારો મુસાફરો ની અવરજવર વાળું પાલનપુર બસ સ્ટેન્ડ મહિલાઓ માટે તો સહેજે સલામત નથી.

મહિલાઓને માટે શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો અભાવ છે. ત્યારે હજારો મુસાફરોની અવરજવર વાળા આ બસ સ્ટેન્ડ પર પીવાના પાણીની પણ વ્યવસ્થા નથી. ત્યારે પાલનપુર એસ.ટી. ડિવિઝનના સત્તાધીશોના અણઘડ વહીવટને લીધે પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડમાં હજારો મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.



# લોધા સમાજની આગવી હોળી

રંગોના તહેવાર હોળી-ધૂળેટીની આગોતરી તૈયારીઓ થઈ રહી છે ત્યારે મૂળ ઉત્તરપ્રદેશના પણ વર્ષોથી ધંધા-રોજગાર અર્થે બનાસકાંઠા જિલ્લાના ડીસામાં સ્થાઈ થયેલ લોધા સમાજ તેની આગવી રીતે ઉજવણી કરે છે. હોળી નિમિતે વર્ષોની પરંપરા મુજબ લોધા સમાજ સલપંચ દ્વારા ઉત્તરપ્રદેશની ભાષામાં હોળીના ગીતો ગવાય છે. એટલું જ નહીં, વર્ષ દરમ્યાન જેના ઘરે સ્વજનનું મોત થયું હોય તેના ઘરે જઈ રંગ છાંટી શોક પણ ઉઠાવાય છે. નવી પેઢી બાપ-દાદા વખતથી ચાલી આવતી આ પ્રથા ભૂલી ન જાય તે માટે આ પરંપરા આજે પણ જાળવી રાખી હોવાનું સમાજના વડીલોએ જણાવ્યું હતું.

# મોરીયા ગામની ૨૬ પ્લોટની હરાજી રદ કરાઈ

પાલનપુર તાલુકાના મોરિયા ગ્રામ પંચાયત દ્વારા વર્ષ ૨૦૧૧માં કરાયેલી હરાજી રદ કરવાનો તાલુકા વિકાસ અધિકારી દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. આ હરાજીમાં સરપંચ અને તેમના મળતીયાઓને ખાનગીમાં પ્લોટ ફાળવી દેવાયા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

પાલનપુર તાલુકાના મોરિયા ગ્રામ પંચાયત દ્વારા ૩૦-૧૧-૨૦૧૧ના રોજ ૨૬ પ્લોટની હરાજી કરવામાં આવી હતી. જોકે, વાસ્તવમાં હરજીની માત્ર દરખાસ્ત કરવામાં આવી હતી. જે દરખાસ્ત હજુ સુધી પેન્ડિંગ છે. બીજી તરફ આ આ હરાજીમાં સરપંચ અને તેમના મળતીયાઓને ખાનગીમાં પ્લોટ ફાળવી દેવાયા હોવા અંગે ગામના લોકોએ રજુઆત કરી હતી. જેના આધારે તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવતાં હરાજીમાં ગ્રામ પંચાયત દ્વારા કોઈ અરજદારોની માંગણી કે યાદી પ્રકરણો સામેલ કરાયા ન હોવાનું, કચેરીના કોઈ સહી સિક્કા ન હોવાનું, નગર નિયોજક દ્વારા અપસેટ કિંમત નક્કી ન કરાઈ હોવાનું તેમજ કાગળોમાં વિસંગતતા હોવાનું જણાઈ આવતાં તાલુકા વિકાસ અધિકારીએ ૨૬ પ્લોટની હરાજી રદ કરવાનો હુકમ કર્યો હતો.

# પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા રકતદાન : રકતદાતાઓ દ્વારા ૬૦ બોટલ રકતદાન કરાયું**

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો જી.એમ.આ.આર.એસ. મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ બ્લડ બેંક ડીપાર્ટમેન્ટ હિંમતનગરના સહિયોગથી




હતો જેમાં કોલેજના વિદ્યાર્થીઓ તથા કોલેજ સ્ટાફ તથા રકતદાતાઓ દ્વારા ૬૦ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ જ્ઞાનયોગ એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓ પૈકી ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે યોજાયો હતો જેમાં ચિત્રિણી નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓ સ્ટાફ કર્મચારીઓ રકતદાન રકતદાતાઓ દ્વારા ૬૦ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને અનુરૂપ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ સ્લોગન સાથે સુંદર રંગોળી બનાવવામાં આવી હતી. આવનાર મહેમાનો પણ વિદ્યાર્થીઓએ બનાવેલ આ સ્લોગન રંગોળી જોઈને ખુશ થઈ ગયા હતા. આ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, ચિત્રિણી નર્સીંગ કોલેજના સંચાલક ડૉ. નૃપાંશભાઈ પટેલ, ટ્રસ્ટી એ.કે. પટેલ, ચિત્રિણી નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ નરેન્દ્રકુમાર શર્મા, વાઈસ પ્રિન્સિપાલ કિંજલબેન શાહ તથા કોલેજ સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ પાસેથી કાર ચોરાઈ

ગાંધીનગર, તા.૮

અડાલજ સ્વામીનારાયણ ફાર્મ પાસેથી કારની ચોરી થવા પામી છે. અમદાવાદનો પરિવાર રીસેપ્શનમાં હાજરી આપવા આવ્યો હતો. ત્યારબાદ બહાર આવીને જોયું તો પાર્ક કરેલી કાર ગાયબ હતી. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ન્યું રાણીપ શિવાનંદ પાર્ક સોસાયટી મકાન નં.૩૮ ખાતે રહેતા હિતેશ જગદીશભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને એમઝોન કંપનીમાં ફરજ બજાવે છે. ગત તા.૨૮ ફેબ્રુઆરીના રોજ સાંજના સુમારે ઘરેથી માતા- માસી અને માસા ને લઈને અડાલજ પાસે સ્વામીનારાયણ ફાર્મ ખાતે પરિચિતના રીસેપ્શનમાં આવ્યા હતા. ત્યારે ફાર્મના બે નંબરના ગેટ પાસે એસ્ટીમ કાર નં. જી.જે.૦૧. એચ.કે.૮૩૯ પાર્ક કરી હતી. રીસેપ્શન પૂર્ણ કરીને રાત્રી ૮ વાગ્યાના અરસામાં બહાર આવીને જોયું તો પાર્ક કરેલી જગ્યાએ કાર ન હતી. કારની આસપાસના વિસ્તારમાં તપાસ કર્યા બાદ અને રાહ જોયા બાદ પણ ન મળી આવતા આખરે હિતેશ પટેલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કારની શોધવા માટે તજવીજ શરુ કરી છે. ઘાટલોડીયા ખાતે રહેતા કાર માલિક વિદેશ ગયા હોવાથી જુના પાડોશી હિતેશ પટેલને ત્યાં કાર મુકી ગયા હતા. જયારે હિતેશભાઈને જયારે જરુર જણાય ત્યારે તે કારનો ઉપયોગ કરતા હતા.

# હારીજ પાસે થયેલી લૂંટના આરોપીને એલસીબીએ ઝડપ્યો

ગાંધીનગર, તા.૮

પાટણ જિલ્લાના હારીજ નજીક આવેલી લુંટના ગુનાના આરોપીને ગાંધીનગર એલસીબીએ પકડી પાડ્યો છે. પીએસઆઈ ડી.એસ.રાઓલ ટીમ સાથે પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન હે.કો.અનુપસિંહ અને કોન્સ્ટેબલ અનોપસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે કલોલ ખુની બંગલા નજીક આવેલા ચાર રસ્તાથી વિષ્ણુ હરીભાઈ સલાટ (રહે. કલોલ રેલ્વે સ્ટેશન પાછળ કાચા છાપરા) ને દબોચી લીધો હતો. તેની અંગજડતી દરમિયાન પોલીસને ૩૦,૨૪૦ કિંમતના સોનાના દાગીના મળી આવ્યા હતા. દાગીના અંગે આધાર પુરાવા માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. તેની પુછતાજ કરતા તેણે હારીજ પાસે લુંટ કરી હોવાની કબુલાત કરી હતી. એક માસ પહેલા આરોપી અને તેના બે મિત્રો ભરત બેચરભાઈ રાવળ અને અર્જુન મગનભાઈ સલાટ સાથે ઈકો ગાડીમાં હારીજ ગયા હતા. જયાંથી પરત આવતા સાંજના ૪ વાગ્યાના સુમારે માસા ગામના માર્ગ પર એક ભાઈને એકલા જતા જોઈ લુંટનો પ્લાન બનાવ્યો હતો. જેમાં આરોપીઓએ રાધનપુરનો રસ્તો પુછવાના બહાને ભાઈને ઉભા રાખી છરો બતાવી કાનમાં પહેરેલા સોનાના ઠાંસીયા કઢાવીને રૂ.૩૦૦ પણ પડાવી લીધા હતા. આ બનાવ અંગે હારીજ પોલીસ મથકે ગુનો પણ નોંધાયો છે. જયારે સોનાના ઠાંસીયા વેચવા માટે આરોપી વિષ્ણુ ફરતો હતો તે સમયે પોલીસના હાથે પકડાઈ ગયો હતો.

## ઉજવણી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે નાના બાળકોને પણ પ્રથમ હોળીએ પગે લગાડવાનો રીવાજ છે. હોળી તાપે તેને તાવ પણ ન આવે તેવી માન્યતા પણ શ્રધ્ધાળુઓમાં છે. ગામડામાં કુંભને દાટીને હોળી પ્રગટાવામાં આવે છે. જેમાં જે ધાન્ય વધુ પાકે તેનુ વાવેતર વધુ કરવામાં આવે છે. સેકટરોમાં અનેક ઠેકાણે હોળી દહન કરવામાં આવે છે. ત્યારે એક સેકટરદીઠ એક કે બે જગ્યાએ જ હોળી દહન કરવામાં આવે તેવી અપીલ પ્રકૃતિ પ્રેમીઓ સહીત વન વિભાગે પણ કરી છે.

## ગંભીર બિમારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌથી ચોંકાવનારૂ તારણ ૪ બાળકો માનસિક તનાવ અનુભવતા જણાયા છે જ્યારે ૧૨૯૮ બાળકોને શ્વસનતંત્રની ખામી હોવાનું જણાયુ છે. ચેતાતંત્રની બિમારી ધરાવતા ૩૯ બાળકો અસ્થિતંતત્રથી પિડાતા ૧૦ અને વિકલાંગતા ધરાવતા ૯૫ બાળકો મળી આવ્યા છે.

જિલ્લાતંત્ર દ્વારા શરીરની સ્થૂળતા ધરાવતા બાળકોની સંખ્યા જે ૧૦૨ મળી છે તે બદલાતી જીવનશૈલીને જવાબદાર ગણી આ વાતને ગંભીરતાથી લેવામાં આવી છે. ક્લબફુટ માટે ૯ અને ક્લેપલીપ પેલેટ માટે ૧૩ તેમજ કોકલીયર ઈમ્પ્લાન્ટ માટે ૩ બાળકોને રિફર કરવામાં આવ્યા હોવાનું પણ તંત્રના સૂત્રોમાંતી જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બાળપણ જે રીતે બિમાર જોવા મળ્યુ છે તેણે આરોગ્ય સેવાના સઘનીકરણની વાતના લીરા ઉડાડ્યા છે. બાળકો ગંભીર બિમારીમાં પટકાયેલા તેમજ કુપોષણ જેવી સમસ્યાથી ઘેરાયેલા જોવા મળ્યા છે એ હકીકત છે.

## ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભ્રષ્ટાચારમાં સામેલ ડીએચએફએલ દ્વારા બેંક દ્વારા આપવામાં આવેલા ૪,૪૫૦ કરોડ રૂપિયામાં કંપનીને નાણાં આપ્યા હતા, જેની તપાસ ચાલી રહી છે. ઈડી અધિકારીઓએ કહ્યું કે યસ બેંકે ડીએચએફએલને ૩,૭૫૦ કરોડ રૂપિયા અને ડીએચએફએલ દ્વારા નિયંત્રિત ફર્મ આરકેડબલ્યુ ડેવલપર્સને ૭૫૦ કરોડ રૂપિયાની લોન આપી હતી. અધિકારીઓના કહેવા પ્રમાણે, આ બંને કંપનીઓએ લોન ભરપાઈ ન કરી ત્યારે યસ બેંકે કાર્યવાહી શરૂ કરી ન હતી. કપૂર અને તેની બે પુત્રીઓ પર શંકા છે કે, જે ડોઈટ અર્બન વેંચર્સના ડિરેક્ટર છે, તેઓએ કાર્યવાહી ન કરવા બદલ ડીએચએફએલ પાસેથી પૈસા લીધા હોવાના આક્ષેપ કર્યા છે. ઈડીને આશંકા છે કે ૪૫૦૦ કરોડની આ રકમ ડીએચએફએલ દ્વારા ૭૯ ડમી કંપનીઓને અપાયેલ રૂ. ૧૩,૦૦૦ આ કંપનીઓમાં અર્બન વેન્ચર્સ પણ શામેલ છે.

## ચેમ્પિયન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઑસ્ટ્રેલિયાએ ૧૮૫ રનનો વિશાળ ટાર્ગેટ આપતાં ટીમ ઈન્ડિયા દબાણમાં આવી ગઈ હોય એ રીતે મેદાનમાં ઉતરી. ભારતની શરૂઆત સારી ન રહી શેફાલી વર્મા માત્ર બે રન કરીને આઉટ થઈ. ગઈ. ત્યારબાદ જેમિમા કોઈ ખાતું ખોલાયા વગર જ પેવેલિયન પરત ફરી. ભારતની ઈનિંગ થોડી સુધરે તે પહેલાં જ ૧૮ રનના સ્કોરે સ્મૃતિ મંધાના (૧૧) રને આઉટ થઈ ગઈ. ભારતનો સ્કોર ૩૦ રને પહોંચ્યો ત્યારે કેપ્ટન હરમનપ્રિત કૌર (૪) જોનાસનનો શિકાર બની ગઈ. ટીમ ઈન્ડિયા તરફથી સૌથી વધુ સ્કોર દિપ્તી શર્માએ કર્યો હતો. દિપ્તી ૩૩ રનના સ્કોરે નિકોલા કૈરીની ઓવરમાં તેને જ કેચ આપી દેતાં ભારત હારના આરે આવી ગયું.

ઑસ્ટ્રેલિયા માટે બેથ મૂનીએ સૌથી વધુ ૭૮ રન ફટકાર્યા જ્યારે એલિસા હિલીએ ૩૯ બોલમાં ૭૫ રન ફટકાર્યા. એલિસા હિલીને રાધા યાદવે વેદા કૃષ્ણામૂર્તિના હાથે કેચ આઉટ કરાવી. ભારત માટે દિપ્તી શર્માએ ૪ ઓવરમાં ૩૮ રન આપીને ૨ વિકેટ ઝડપી. ત્યારબાદ મેગ લેનિંગ (૧૬) અને એશલે ગાર્ડનર (૨) રન બનાવીને આઉટ થઈ ગઈ. દિપ્તીએ કેપ્ટન મેગ લેનિંગને (૧૬)ને શિખા પાંડેના હાથે કેચ આઉટ કરાવી. ત્યારબાદ એશલે ગાર્ડનારે તાનિયા ભાટિયાએ સ્ટમ્પ આઉટ કરી.

## છ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તમિળનાડુના હેલ્થ સેક્રેટરી બિલા રાજેશે કહ્યું છે કે, એક શખ્સ કોરોના પોઝિટિવ આવ્યો છે. રાજ્યમાં ૧૦૮૬ લોકોને આઈશોલેટ કરીને રાખવામાં આવ્યા છે. અમૃતસરમાં પણ બે પોઝિટિવ કેસો આવ્યા છે. ભારતમાં સૌથી પહેલા કેરળમાં પોઝિટિવ કેસો આવ્યા હતા. આગરામાં છ દર્દી આવી ચુક્યા છે. અમૃતસરમાં બે પોઝિટિવ કેસ આવી ચુક્યા છે. વાયરસને રોકવા માટે તંત્ર દ્વારા સાવચેતીના વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. કોરોના વાયરસને કાબુમાં લેવા માટે ભારતમા પણ તપાસ જારી છે. હવે તમામ ઈન્ટરનેશનલ ફ્લાઈટ અને યાત્રીઓની સ્ક્રિનિંગ ફરજિયાત કરી દેવામાં આવી છે.

# દેશમાં સૌપ્રથમ રાજ્યકક્ષાના ટુ-વ્હીલર ડીલર એસોસિયેશન ગુજરાતની સ્થાપના કરાઈ

સમગ્ર ગુજરાતના ટુ-વ્હીલર ડીલર્સને એક પ્લેટફોર્મ ઉપર લાવીને તેમની વિવિધ સમસ્યાઓના સમાધાન તથા અસરકર્તા મુદ્દાઓની યોગ્ય પ્રકારે રજૂઆત કરવાના ઉદ્દેશ્ય સાથે ટુ-વ્હીલર ડીલર એસોસિયેશન ગુજરાતની સ્થાપના કરવામાં આવી છે. માત્ર ટુ-વ્હીલર ડીલર્સનું રાજ્યકક્ષાનું સંગઠન હોય તેવું આ પ્રથમ એસોસિયેશન છે.

ભારતની આર્થિક વૃદ્ધિમાં ઓટો ઉદ્યોગનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે, પરંતુ છેલ્લાં કેટલાંક સમયમાં આર્થિક નબળાઈ તથા ૧ એપ્રિલ ૨૦૨૦થી બીએસ-૬ના અમલીકરણથી ઓટો ઉદ્યોગ સામે સંકટ પેદા થયો છે, જેની સીધી અસર ટુ-વ્હીલરના વેચાણ ઉપર પણ વર્તાઈ છે. ગુજરાત રાજ્યમાં ટુ-વ્હીલર્સનું વાર્ષિક વેચાણ વર્ષ ૨૦૧૮-૧૯માં આશરે ૧૪,૫૦,૦૦૦ હતું, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૧૨,૩૦,૦૦૦ જેટલું રહેવાનું અનુમાન છે.

બીજી તરફ પાંચ વર્ષ ફરજિયાત વીમાનું અમલીકરણ થવાથી વાહનની કિંમતમાં આશરે રૂ. ૪૦૦૦નો વધારો થયો છે, જેના કારણે પણ વૃદ્ધિને ફટકો પડ્યો છે. ભારતમાં એમીશન નોર્મ્સના નિયમોમાં ફેરફાર થવાથી બીએસ-૪નું રજીસ્ટ્રેશન હવે બંધ થઈ જશે અને માત્ર બીએસ ૬ ધરાવતા નવા વાહનોનું રજીસ્ટ્રેશન માન્ય ગણાશે, વાહનની કિંમતમાં આશરે ૧૦ ટકાનો વધારો આવશે. આ પરિસ્થિતિમાં એસોસિયેશન ભારત સરકાર પાસેથી જીએસટીમાં ઘટાડો, અન્ય કોઈપણ પ્રકારે ઉદ્યોગને બળ મળે પોલીસીની અપેક્ષા રાખી છે.

## જંગ જમાવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે બન્ને પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે "નો રીપીટ" થિયરીનો અમલ થશે એટલુ જ નહિ બન્ને પક્ષો પક્ષના સંગઠ્ઠનના મજબુતીકરણના વિષયને ધ્યાને રાખી ઉમેદવારની પસંદગી કરશે તેમ મનાઈ રહ્યુ છે. ભાજપ અહિથી બે સીટ સલામત રીતે વિજય બની શકે છે આ પછી તેના વધતા મત ત્રીજા અપક્ષ ઉમેદવારને મેદાનમાં ઉતારી તેને ફાળવશે. ગુજરાતમાં કોંગ્રેસને મહાનગરોના ચૂંટણી જંગમાં હોર્સ ટ્રેડીંગ બીજેપી કરી રહી છે તેવા આક્ષેપોથી બચી શકાય તે ધ્યાને રાખી અપક્ષ ઉમેદવારની પસંદગી કરશે. કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપના સીધા સંપર્કમાં હોવાની વાતને લઈ કોંગ્રેસ ચિંતીત છે પરંતુ તે ઉમેદવાર મેદાનમાં ઉતારશે તે વાત એટલી જ નિશ્ચિત છે. આગામી સપ્તાહમાં ત્રીજો ઉમેદવાર કોણ હશે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

## લાલઘુમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નુકસાન ભરપાઈ કરવા માટે નોટિસો તો આપી જ છે પણ સાથે સાથે તેમની તસવીરો સાથેના હોર્ડિંગો પણ જાહેરમાં લગાડવાનુ શરુ કર્યુ છે. રાજધાની લખનૌથી તેની શરુઆત થઈ છે. જેમાં સંખ્યાબંધ સ્થળોએ ૫૩ તોફાનીઓની તસવીર સાથેના હોર્ડિંગ લગાવવામાં આવ્યા છે.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

ઈન્ડીવીઝુઅલ પ્રોપર્ટીમાં પુરો ભાગ મળે છે. તેમાંથી તેને ભરણપોષણ, સપોર્ટ મેળવવાનો હક્ક છે. છુટા છેડા થાય તો ભરણપોષણ પેટે બાંધેલ રકમ મળી શકે છે.

પરંતુ લગ્ને બે ધર્મના લોકો વચ્ચે થાય તો મહિલાને પતિના ધર્મના પર્સનલ લૉ મુજબ વારસાઈ હક્ક મળશે. હિન્દુ મહિલા ધર્મ પરિવર્તન સીવાય મુસ્લીમ પુરૂષ સાથે લગ્ન કરે તો તેને કાયદેસર માનવામાં નહિ આવે આવી મહિલાને મહેર મળે પરંતુ પતિની સંપત્તિ ઉપર હક્ક ન મળે.

પતિ ક્રિશ્ચીયત હોય તો પત્નીના ધર્મની વારસા પર હક્કમાં કોઈ અસર પડે નહિ. પતિના મોત પછી વિધવા અને બીજા વારસ ન હોય તો મહિલાને તેની સંપત્તિમાં ૩૩ ટકા હિસ્સો મળી શકે બીજા વારસદારોને ૬૬ ટકા મળે.

પુત્રીને પિતાની સંપત્તિમાં પુત્ર સમાન હક્ક મળશે પિતાને પુત્રીને સંપત્તિમાં બેદખલ કરવાનો હક્ક ૨૦૦૫ પછી નથી. વિધવા પુત્રીઓ અને પુત્રનો પણ વારસાઈ ધારામાં સમાવેશ કરવામાં આવ્યો છે.૨૦૦૫ પહેલા દિકરીઓને હિન્દુ યુનાઈટેડ ફેમીલીનો હિસ્સો માનવમાં આવતી હતી પરંતુ કાયદેસર વારસદાર નહિ. કલમ ૬ ના ફેરફારની આ હક્ક દિકરીને આપવામાં આવ્યો છે પરંતુ પિતાનું મોત ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ પહેલા થઈ ગયુ હોય તો પૈતૃક સંપત્તિમાં પિતા દ્વારા ખરીદાયેલ મીલ્કતમાં દિકરીને કોઈ ભાગ ના મળે. ભાઈા મૃત્યુ બાદ બહેન કલાસ-૨ વર્ગની વારસદાર ગણાય. પિતના અવસાન બાદ ભાઈનું પણ અવસાન થયુ હોય તો બહેનને વારસાઈ હક્ક મળે.

વારસાગત પ્રોપર્ટીનો ટેક્સ ૧૯૮૫ માં કાઢી નાંખવામાં આવ્યો જે મુજબ વારસાઈમાં મળેલ પ્રોપર્ટી ગીફટ કે અન્ય ટેકસમાંથી બાકાત રાખવામાંઆવી પરંતુ આવી પ્રોટટી વેચે તો ગેઈન ટેકસ લાગે, સંપત્તિના માલીક પાસે ૨૯ માસથી વધારે સમય પ્રોપર્ટી રહે અને વેચે તો કેપીટલ ગેઈન ટેકસ લાગુ પડે દિકરી કે બહેનનો ભાગ કાઢયા સીવાય પ્રોપર્ટી વેચાણ થાય તો દિકરી કે બહેન પ્રોપર્ટીમાં ભાગ લેવા સીવીલ કોર્ટમાં દાવો કરી શકે છે. પ્રોપર્ટી વેચાઈ ગઈ હોય તો ખરીદનારને પણ પક્ષકાર બનાવવો જરૂરી છે પરંતુ વારસાગત મીલ્કતના કાયદામાં એકરૂપતા નથી, ધાર્મીક સમુદાય પોતાના પર્સન લૉ મુજબ વર્તે છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

અમેરિકાએ પોતાની રીતે કરારમાં સામેલ કરી દીધું કે ૧૦ માર્ચ સુધીમાં કાબુલ ૫,૦૦૦ જેટલા તાલિબાની અને ૧,૦૦૦ બિન-તાલિબાની કેદીઓને છોડી મૂકશે. અફઘાન રાષ્ટ્રપતિ ગનીએ આનો સાફ નન્નો ભણી દીધો એટલે અમેરિકાએ કતારના અમીરને કામે લગાડીને ગનીને સમજાવવાની કોશિશ કરી જોઈ. જોકે અમીરે પણ કાબુલની વાજબી વાતનું સમર્થન કર્યું. આતંકી હુમલાઓ તો હજુ થંભ્યા નથી. ૨૦૨૧ના એપ્રિલ સુધીમાં અમેરિકા અફઘાનિસ્તાનમાંથી સંપૂર્ણપણે હટી જઈને તાલિબાન પર એણે લાદેલા પ્રતિબંધોનો અંત આણવા માંગે છે. નવાઈ એ વાતની છે કે તાલિબાનને અલ-કાયદા સાથે જોડીને આતંકી કહેવાનું અમેરિકા પોતાની અનુકૂળતા મુજબ નક્કી કરે છે અને પછી પોતાનાં હિત જળવાય એટલા માટે એને અહિંસકનો બિલ્લો પણ લગાડવામાં એ અગ્રેસર રહે છે.દુનિયા આખી અમેરિકાના ઈશારે નાચે એવા એના ઈરાદાઓને કમસે કમ અફઘાનિસ્તાનમાં તો ક્રેમલિન એટલે કે મોસ્કો પણ પડકારે છે. જોકે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મોસ્કો લોબી સક્રિય રહેતી હોવાના આક્ષેપો વચ્ચે કોણ ક્યારે ક્યાં ઊભું હશે એ કહેવું અત્યારે તો મુશ્કેલ જણાય છે. ઈચ્છીએ કે અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થપાય, પરંતુ હજુ બંદૂકની અણીએ આતંક ફેલાવવાના વ્યવસાયમાં રહેલા તાલિબાનને શાંતિદૂત જાહેર કરી દેવાથી ટ્રમ્પ ફરીવાર ચૂંટાઈ પણ જાય અને નિક્સનના વિદેશમંત્રી કિસિંજરની જેમ આ વેળાના અમેરિકી મંત્રણાકાર જાલમે ખલીલજાદને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળી પણ જાય છતાં તાલિબાનીઓ એટલા ભોળિયાભટાક નથી કે ઈસ્લામી આતંકવાદને નેસ્તનાબૂદ કરવાનાં બણગાં ફૂંકનાર અમેરિકાના તાલે જ નાચે.બે દાયકાની લડતનો થાક ઉતારવાનો આ સમય છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ ચૂંટણી જીતે ત્યાં લગી તો તાલિબાનના નાયબ વડા મુલ્લા અબ્દુલ ગની બરાદાર સાથે વ્હાઈટ હાઉસથી વાતો કરીને "માય ફ્રેન્ડ બરાદાર" કહેતા રહેશે. આ એ જ બરાદાર છે જે ૨૦૦૧માં અમેરિકી આક્રમણ થકી કાબુલમાંની તાલિબાન સરકારને ઉથલાવાઈ ત્યારે અમેરિકા સામે લડ્યો હતો. પાકિસ્તાનમાં ૨૦૧૦માં એ પકડાયો અને મંત્રણાનું માધ્યમ બનવા પાકે તેને ૨૫ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ છોડ્યો હતો. નવેમ્બર ૨૦૨૦માં ચૂંટણી જીત્યા પછી ટ્રમ્પનો મૂડ કેવો રહેશે એ કહેવું મુશ્કેલ છે.અમેરિકા તો કાયમ બે હાથમાં લાડુની સ્થિતિમાં જ હોય છે.

- haridesai@gmail.com